



## મા અંબાના દર્શન સાથે પાટીલની ઉત્તર ગુજરાત યાત્રા શરૂ

ગુજરાત ભાજપ પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલે અંબાજીથી ઉત્તર ગુજરાતનો પ્રવાસ શરૂ કર્યો હતો. પ્રારંભે અંબાજી મંદિરમાં મા અંબાના દર્શન બાદ પૂજા અર્ચના કરી હતી. ભાદરવી પૂનમના મેળા દરમિયાન મંદિર બંધ રાખવામાં આવ્યું હતું. જે આજે ખોલવામાં આવ્યું અને મંદિર ખુલતા જ પાટીલે માં અંબાનાં દર્શન કર્યા હતા. જેમાં સી.આર પાટીલે દેશ માંથી કોરોના નાબૂદ થાય તે માટે મા અંબાને વિશેષ પ્રાર્થના કરી હતી. સી.આર. પાટીલે જણાવ્યું હતું કે ઉત્તર ગુજરાતની યાત્રાએ કાર્યકર્તાઓના સંપર્ક હેતુથી યોજી છે અને ભવિષ્યમાં ઉત્તર ગુજરાતમાં ભાજપ હજુ વધુ મજબૂત બનશે. ગુરુવારે સવારે દર્શન પછી પાટીલ અને એમની સાથે ઉપસ્થિત ધારાસભ્યો, મંત્રીઓનું દાંતા ખાતે ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યાંથી તેઓ વડગામ બાદ પાલનપુરના દેલાણા-રૂપાપરા ગામે સ્વાગત સત્કાર સ્વીકારી પાલનપુર ગયા હતા. અહીં આંબેડકર હોલ ખાતે શહેર સંગઠનના હોદ્દેદારો, ચૂંટાયેલા પ્રતિનિધિઓ પાટીલનું સ્વાગત કર્યું હતું. ત્યારબાદ ડીસાના શુભમ પાર્ટી પ્લોટ ખાતે પણ તેમનું હજારો કાર્યકરોએ ભવ્ય સન્માન કર્યું હતું. મંદિરમાં દર્શન કર્યા બાદ પાટીલે અંબાજી મંદિરથી ડીકે સર્કલ સુધી ખુલ્લી જીપમાં રોડ શો યોજ્યો હતો. ખુલ્લી જીપમાં સી. આર પાટીલે કાર્યકર્તાઓનું અભિવાદન ઝીલ્યું હતું. આ રોડ શોમાં ભાજપના કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં જોડાયા હતા.

# અરાવલ્લીના ગ્રામ્ય વિસ્તારોમાં વધુ સાત કેસ : મોડાસામાં બે કેસ

અરવલ્લી જીલ્લા સહીત મોડાસા શહેરમાં થોડા દિવસ માટે નબળો પડેલો કોરોના વાયરસ ફરીથી સક્રિય થયો હોય તેમ સતત કોરોના પોઝેટીવ દર્દીઓ નોંધાતા આરોગ્ય તંત્રમાં ભારે દોડધામ મચી છે જીલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં માસ્ક અને સોશ્યલ ડિસ્ટન્સ જળવાતું નથી બીજીબાજુ કોરોનાના કેસ ગ્રામ્ય વિસ્તારોમાં વધુ બહાર આવતા આગામી સમયમાં આરોગ્યતંત્ર અને વહીવટીતંત્ર ગ્રામ્ય વિસ્તારોમાં કોરોનાને પ્રસરતો અટકાવવા ભારે પરસેવો પડાવી શકે છે.

અરવલ્લીમાં ઓગસ્ટના પ્રારંભ થી જ કોરોનાના કેસોમાં ઘટાડો નોંધાયો હતો.ત્યારે જિલ્લામાં શનિવારના રોજ કોરોના વિસ્ફોટ થયા બાદ રવિવારે પણ વધુ ૭ કોરોના પોઝેટીવ દર્દીઓ નોંધાતા લોકો ચિંતીત બન્યા છે ગ્રામ્ય વિસ્તારોમાં સતત નોંધાઈ રહેલા કોરોનાગ્રસ્ત દર્દીઓને પગલે કોરોનાગ્રસ્ત દર્દીઓ મળી આવેલ ગામડાઓમાં ફફડાટ જોવા મળી રહ્યો છે મોડાસા શહેરમાં બે,તાલુકામાં-૧ અને માલપુર તાલુકા-૨ અને ધનસુરા -બાયડમાં એક કોરોનાગ્રસ્ત દર્દીઓ મળી આવ્યા છે.

# અરવલ્લી જિલ્લા કલેક્ટરના મનસ્વી વર્તનના આક્ષેપ સાથે કોંગ્રેસના મોડાસા ચાર રસ્તા ખાતે ધરણા, સૂત્રોચ્ચાર

અરવલ્લી જિલ્લામાં પ્રભારી મંત્રીના ઈશારે અમલદારો પ્રજાહિતના મંજૂર કરાયેલ કામો રાતોરાત બદલી માત્ર હિત ધરાવતા કામો જ યાદીમાં સામેલ કરવામાં આવતા હોવાનો અને વહીવટી તંત્ર દ્વારા વિકાસના કામોમાં ભ્રષ્ટાચાર આદરવામાં આવતો હોવાના આક્ષેપ સાથે બાયડના ધારાસભ્ય જશું પટેલ બાયડના ધારાસભ્યએ જિલ્લા સેવા સદન ખાતે શર્ટ કાઢી ઉગ્ર વિરોધ નોંધાવ્યો હતો.અને ધારાસભ્ય દ્વારા યોજાયેલી રામધૂનમાં જિલ્લા કોંગ્રેસના અગ્રણી કાર્યકરો મોટી સંખ્યામાં જોડાયા હતા.જીલ્લા કલેક્ટર અને વહીવટી તંત્રના અધિકારીઓ કોંગ્રેસના ધારાસભ્યો સામે અને તેમના મત વિસ્તારમાં વિકાસના કામોમાં મનસ્વી વર્તન કરતા હોવાના આક્ષેપ સાથે મોડાસા ચાર રસ્તા ખાતે ધરણા યોજાતા અને વહીવટી તંત્ર અને ભાજપ સામે સુત્રોચાર કરતા ટાઉન પોલીસે કોંગ્રેસી અગ્રણીઓ અને કાર્યકરોની ધરપકડ કરી હતી.

મોડાસા ચાર રસ્તા ખાતે હોવાથી કોંગ્રેસી અગ્રણીઓ અને કાર્યકરોની ટાઉન પોલીસે ટીંગાટોળી કરી અટકાયત કરી



કલેક્ટર અને વહીવટી તંત્રના મનસ્વી વર્તન સામે અરવલ્લી જીલ્લા કોંગ્રેસ સમિતિએ ધરણા કાર્યક્રમ યોજાતા મોટી સંખ્યામાં કોંગ્રેસી અગ્રણીઓ અને કાર્યકરો ઉપસ્થીય રહ્યા હતા ધરણા કાર્યક્રમની મંજૂરી લીધી ન હતી કોંગ્રેસી અગ્રણીઓના જણાવ્યા અનુસાર જિલ્લાના પ્રભારી મંત્રી દ્વારા ધારાસભ્યો સહિત ચૂંટાયેલ સ્થાનિક પ્રતિનિધિઓએ મંજૂર કરેલ કામો રાતોરાત બદલી નાખવાનું ષડયંત્ર અધિકારીઓની મદદથી હાથ ધરાતું હોવાનો સનસનીખેજ આક્ષેપ તંત્ર સમક્ષ કર્યો હતો.ધારાસભ્યોના અને કોંગ્રેસમાંથી જીલ્લા પંચાયત અને તાલુકા પંચાયતમાં ચૂંટાયેલ જનપ્રતીનિધિઓના મત વિસ્તારમાં મંજૂર કરાયેલ આયોજન,એટીવીટી અને નાણાપંચ હેઠળના વિકાસ કામો પ્રભારી મંત્રી અને તેમના મળતીયા અધિકારીઓ દ્વારા ધારાસભ્ય કે અન્ય ચૂંટાયેલા પ્રતિનિધિ ઓને વિશ્વાસમાં લીધા વીના બદલી નાખવામાં આવતા હોવાનો આક્ષેપ કર્યો હતો અને મોટા પ્રમાણમાં ભ્રષ્ટાચાર આદરવામાં આવતો હોવાનો આક્ષેપ પણ કર્યો હતો.

બાયડના ધારાસભ્ય જશું ભાઈ પટેલે જીલ્લા કલેકટર કચેરી અને તંત્ર દ્વારા વિકાસના કામોમાં બેફામ ભ્રષ્ટાચાર થઈ રહ્યો છે આયોજનના કામોમાં અધિકારી પૈસા લઈ કામો બદલી નાખતા હોવાનું વારંવાર કલેકટરને લેખિત અને મૌખિક જાણ કરી છે તેમ છતાં કોઈ પગલાં ભરવામાં આવતા નથી આયોજન અધિકારીને ફોન કરતા તેમની પાસે ૨૦૦ કરોડની મિલકત હોવાનું અને પૈસાની કોઈ જરૂર ન હોવા છતાં ૧૦ ટકા લઉ છું અને જેન જે થાય એ કરી લે એમ જણાવ્યું હતું કલેકટર તપાસ કરે તો મોટા ભ્રષ્ટાચાર બહાર આવે તેમ હોવા છતાં કલેકટર છાવરતા હોવાનો આક્ષેપ કર્યો હતો.

# બાયડ તાલુકાના તેનપુર ગામમાં ખેતરમાં પાઈપની તસ્કરી

બાયડ,

બાયડ તાલુકામાં ચોરી ના કેસો વધુ પ્રમાણમાં વધવા લાગ્યા છે અનેક જગ્યાએ ચોરીઓ થતા પોલીસ હાથ ઉપર હાથ ધરી તમાસા જોતા તસ્કરો બિન્દાસ બની ચોરીઓને અંજામ આપી રહ્યા છે બે દિવસ પહેલા પણ બાયડ તાલુકાના સુંદરપુરા ગામે બે બાઈક તથા મોબાઈલની ચોરી થઈ હતી. બાયડ તાલુકામાં ચોરો બિન્દાસ્ત ચોરી કરીને પલાયન થઈ જાય છે. જયારે બાયડ તાલુકાના તેનપુર ગામની સીમમાં ખેતરમાં જમીનમાં ડ્રીપ લાઈનના રોલ લાવેલા હતા. ત્યારે સવારના ૧૧-૩૦ વાગ્યાના રોજ મોટરસાયકલ લઈને બે ઈસમો ખેતરમાં આવ્યા હતા. મારા કાકાના ખેતરમાં શેઢા ઉપરથી ડ્રીપ ની પાઈપ ૫૦ મીટર કિંમત ૪૦૦૦ ની કિંમતની પાઈપ બે ચોર ઈસમ ચોરી કરી ગયેલ હતા. ડ્રીપ લાઈનની પાઈપના રોલના ઢગલામાંથી એક રોલની ચોરી કરી મોટરસાયકલ લઈને ભાગવા લાગેલ હતા. ત્યારે બાઈક ઉપર બેઠેલ ઈસમને ઝીપ લાઈનની રોલને પકડી પાડી એક ઈસમોની પકડી પાડ્યો હતો . જેમાં બીજો ઈસમ ભાગી ગયો હતો.

# બાયડ તાલુકાના પાતેરી ગામે દેશી દારૂ ઝડપાયો

બાયડ

બાયડ તાલુકામાં દારૂનું વ્યસન વધુ પ્રમાણમાં વધવા લાગ્યું છે. ઠેર - ઠેર દારૂની ભઠ્ઠીઓ તથા દારૂના અડ્ડાઓ ધમધમી રહ્યા છે. જયારે બાયડ તાલુકાના પાતેરી ગામની સીમમાં વાત્રક નદીના કોતરમાં ગેરકાયદેસર રીતે દેશી દારૂ ગાળવાની ભઠ્ઠી ચલાવી દેશી દાર ગાળે છે. તેવી બાયડ પોલીસને બાતમી મળતા મુદ્દામાલ કિંમત ૩૫૦૦ રૂપિયાની દારૂ ઝડપી પાડયો હતો. બાયડ પોલીસે જગદીશભાઈ ગોરધનભાઈ પરમાર (રહે.પાતરી) પ્રોહી એકટનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.

# ભિલોડાના લીલછા પાટીયાથી લીલછા ગામ સુધીનો મુખ્ય ધોરીમાર્ગ બિસ્માર

ભિલોડા,

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના લીલછા પાટીયાથી લીલછા ગામ સુધીનો મુખ્ય ધોરીમાર્ગ બિસ્માર હાલતમાં હોઈ ધોરીમાર્ગ પર મસમોટા ઠેર-



ઠેર ખાડાઓના લીધે વાહન ચાલકો,રાહદારીઓ અને ખેડુતો હેરાન પરેશાન થઈ રહ્યા છે.નવિન ધોરીમાર્ગ બનાવવાની વર્ષો જુની માંગણી ન સંતોષતા વહીવટી તંત્રના અધિકારીઓ પર પ્રજાજનોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.લીલછા ગ્રૃપ ગ્રામ પંચાયત સરપંચ,તૃપ્તીબેન જીજ્ઞેશભાઈ પંચાલ,જાગૃત ગ્રામજનો અને વાહન ચાલકોએ ઉચ્ચ કક્ષાએ વારંવાર લેખિત,મૌખિક અરજીઓ અને ધારદાર રજુઆત કરી હોવા છતાં વહીવટી તંત્રના જવાબદાર અધિકારીઓ આંખ આડા કાન કરી રહ્યા છે.

લીલછા સહિત આજુ-બાજુના ગ્રામ્ય વિસ્તારોમાં વરસાદ દરમ્યાન ધોરીમાર્ગની હાલત અત્યંત બિસ્માર છે.લીલછા ગામને જોડતો મુખ્ય ધોરીમાર્ગ સત્વરે નવિન બનાવવામાં આવે અને પહોળો કરવામાં આવે તેવી વાહન ચાલકો અને પ્રજાજનોની પ્રબળ લોક માંગણી છે.

ચોમાસાની સિઝન દરમ્યાન સાર્વત્રીક મેઘ મહેરના કારણે મેઘરાજાએ વહીવટી તંત્રના અધિકારીઓ અને બે નંબરીયા કોન્ટ્રાક્ટરોની વ્યાપક ભ્રષ્ટાચારની પોલ ખુલ્લી કરી દીધી છે.મુખ્ય ધોરીમાર્ગો પર ઠેર-ઠેર મસમોટા ખાડાઓનું સામ્રાજ્ય જોવા મળી રહ્યું છે.વાહન ચાલકોની કમરતોડ ધોરીમાર્ગો હવે પુરવાર થઈ રહ્યા છે.અનરાધાર ભ્રષ્ટાચારના કારણે ધોરીમાર્ગોની દયનીય હાલત જોવા મળે છે.ગુજરાત રાજ્ય સરકાર ધ્વારા વર્ષે દહાડે ધોરીમાર્ગો પાછળ લાખો-કરોડો રૂપિયા ખર્ચાઈ રહ્યા છે પરંતુ ચોમાસા દરમ્યાન ધોરીમાર્ગોનું ધોવાણ અને ખાડાઓનું સામ્રાજ્ય અવિરતપણે જળવાઈ રહેતા વાહન ચાલકો હવે તો તોબાતોબા પોકારી ઉઠ્યા છે.જાગૃત વાહન ચાલકોએ જણાવ્યું હતું કે વહીવટી તંત્ર ધ્વારા સત્વરે બિસ્માર ધોરીમાર્ગોનું ઠેર-ઠેર સમારકામ હાથ નહીં ધરાય તો ગાંધીચિંધ્યા માર્ગે આંદોલનની ચિમકી ઉચ્ચારી છે.

# ધારાસભ્ય જશુ પટેલ અને પરિવાર પર જીવનું જોખમ...!!

## મુખ્યમંત્રીને લખ્યો પત્ર તંત્રના ઈશારે અસંતુષ્ટ લોકો હુમલો કરે તેવી દહેશત

બાયડ,

માલપુરના ધારાસભ્ય જશુ ભાઈ પટેલ તેમના મત વિસ્તારમાં ખુબ બહોળી લોકચાહના ધરાવે છે છેલ્લા કેટલાક સમયથી ધારાસભ્ય જશુ પટેલે તેમના મત વિસ્તારમાં વિકાસના કામો અને વિકાસના કામો અંગે તંત્રમાં આક્રમક રજુઆત કરતા અને પ્રજાની સમસ્યા નું નિરાકરણ લાવવા તંત્ર સામે બાથ ભીડી રહ્યા હોવાથી તંત્રના ઈશારે કેટલાક અસંતુષ્ટ લોકો હુમલો કરવાની ભીતી હોવાનું જણાવી મુખ્યમંત્રી વિજય રૂપાણીને પત્ર લખી તેમના અથવા તેમના પરિવારના સભ્યો સાથે કોઈ પણ જાતનો અનિચ્છનીય બનાવ બને તો તંત્રની જવાબદારી રહેશ તો આ અંગે યોગ્ય વ્યવસ્થા કરવા માંગ કરી છે.



છેલ્લા બે દિવસથી બાયડ કોંગ્રેસના ધારાસભ્ય જશુભાઈ પટેલે વિકાસના કામો અને ભ્રષ્ટાચાર સામે બાયો ચઢાવી છે બુધવારે જીલ્લા કલેકટર સામે કેબિનમાં બેસી રજુઆત કર્યા પછી યોગ્ય જવાબ ન મળતા કલેકટર કચેરીમાં શર્ટ ઉતારી અને રામધુન બોલવી હતી અને ગુરુવારે મોડાસા ચાર રસ્તા ખાતે પણ ધરણા યોજાતા વહીવટી તંત્રની ભારે બદનામી થઈ રહી છે ધારાસભ્ય જશુ ભાઈ પટેલે મુખ્યમંત્રી વિજય રૂપાણીને પત્ર લખી તેમની અને તેમના પરિવાર પર જીવનું જોખમ હોવાનું અને તંત્રના ઈશારે અસંતુષ્ટ લોકો દ્વારા હુમલો કરાવી શકે છે અને મારા કે મારા પરિવાર સાથે કોઈ પણ પ્રકારનો ઉમલો થશે તો જવાબદારી તંત્ર ની રહેશેનું જણાવી તેમની અને પરિવારની સલામતી માટે યોગ્ય વ્યવસ્થા ગોઠવવા માંગ કરી હતી.

# વડોદરાથી ટ્રેક્ટર ચોરી મોડાસામાં ટ્રેક્ટર વેચાણ કરવા આવેલ ટોળકી ઝડપાઈ

## અરવલ્લી એસલસીબી પોલીસે ત્રણ શખ્શોને દબોચ્યા

રાજ્યમાં વાહનચોરી કરતી અનેક ગેંગ સક્રીય છે રાજ્યમાં રોજ બરોજ અનેક વાહનચોરીની ફરિયાદ પોલીસ મથકે નોંધાતી



હોય છે ત્યારે વડોદરાના વાઘોડિયા નજીકથી ટ્રેક્ટરની ચોરી કરી અરવલ્લી જીલ્લામાં ચોરેલ ટ્રેક્ટર વેચાણ અર્થે આવવાની બાતમી અરવલ્લી એલસીબી પોલીસે મળતા એલસીબી પોલીસે હજીરા વિસ્તાર અને બાયપાસ રોડ પર વોચ ગોઠવી હતી જીઆઈડીસી નજીક ચોરેલ ટ્રેક્ટર સાથે પસાર થતા ત્રણ શખ્શનોને દબોચી લીધા હતા એલસીબી પોલીસે ટ્રેક્ટર-ટ્રોલી સાથે ૩.૫૦ લાખનો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

અરવલ્લી એલસીબી પીઆઈ આર.કે.પરમાર અને તેમની ટીમે મોડાસા ટાઉન પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી ત્યારે વાઘોડિયાથી ચોરી કરેલ ટ્રેક્ટર-ટ્રોલી વેચાણ અર્થે કેટલાક શખ્શો હજીરા વિસ્તારમાં આવવાના હોવાની બાતમી મળતાં એલસીબી પોલીસ સતર્ક બની મોડાસાના પ્રવેશતા માર્ગો પર વોચ ગોઠવી હતી ત્યારે બાતમી આધારિત વાદળી રંગનું ટ્રોલી સાથે પસાર થતા ટ્રેક્ટરને અટકાવી શખ્શોની શખ્ત પૂછપરછ કરતા આ ટ્રેક્ટર વડોદરાના વાઘોડિયા વિસ્તારમાંથી ચોરી કર્યું હોવાનું કબૂલાત એલસીબી પોલીસે ટ્રેક્ટર-ટ્રોલી કીં.રૂ.૩.૫૦ લાખને જપ્ત કરી ૧)વિક્રમ હીરાભાઈ તળપદા, ૨)અજય કનુભાઈ તળપદા (બંને.રહે કજાડા-નડિયાદ) અને ઈમ્તિયાઝ ગુલામહુસેન વ્હોરા (રહે,ગોળ લીમડા,જમાલપુર-અમદાવાદ) ને ઝડપી પાડી જેલના સળિયા પાછળ ધકેલી દઈ કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી.

# અંતોલી ગામે પિતાએ ૪ વર્ષના પુત્રને ગળે ટુંપો આપી ખેતરમાં નાખી દેતા ચકચાર

## હત્યારાના ત્રણ-ત્રણ પ્રેમ લગ્ન નિષ્ફળ રહેતા તાંત્રિક વિધીની આશંકા

"છોરું કછોરું થાય પણ માવતર કમાવતર ન થાય" તે કહેવતને ખોટી પાડતી ઘટના અરવલ્લી જીલ્લાના મેઘરજ તાલુકાના અંતોલી ગામે બની છે જેમાં ત્રણ ત્રણ લગ્ન કર્યા બાદ પણ સુખી સંસાર ભોગવી નહિ શકનાર યુવકે તેના જ ૪ વર્ષીય માસુમ પુત્રને કાળા દોરાથી ગળે ટૂંપો આપી ગળું દબાવી દઈ પુત્રનુ મોત નીપજ્યુ હોવાનું માની કુવા નજીક તેના ખેતરમાં નાખી દઈ રફુચક્કર થઈ જતા ભારે ચકચાર મચી હતી ખેતરમા બેભાન અવસ્થામાં રહેલા પૌત્રને દાદાએ જોતા જ તાબડતોડ પૌત્રને સારવાર અર્થે દવાખાને ખસેડાયો હતો ૪ વર્ષીય પૌત્રનું મોત નિપજતા પરિવારજનોમાં ભારે શોકનું મોજું ફરી વળ્યું હતું પૌત્રની હત્યા પુત્રએ જ કરી દેતા પરીવાર પર આવી ચઢેલી વજ્રઘાત સામાન ઘટનાથી આક્રંદ કરી મૂક્યું હતું પિતાએ પુત્ર સામે પૌત્રની હત્યા કરવાનો ગુન્હો ઈસરી પોલીસ સ્ટેશને નોંધાવતા પોલીસે હત્યારાને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા હત્યારાના ત્રણ ત્રણ લગ્ન પછી પણ પત્ની જતી રહેતા તેના ૪ વર્ષીય પુત્રની કાળા દોરાની મદદ્થી ગળે ટુંપો આપતા તાંત્રિક વિધિ કે અંધશ્રદ્ધાના વહેમમાં પણ હત્યા કરી હોવાની શંકા કુશંકાઓ થઇ રહી છે.



# ઈસરી પોલીસે બે બાઈક પર વિદેશી દારૂ સાથે દહેગામના એક અને કુણોલ બે બુટલેગરોને દબોચ્યા

અરવલ્લી સરહદી જિલ્લો હોવાથી અહીંથી અવારનવાર વિદેશી દારૂની ખેપ મારતા બુટલેગરો સતત પોલીસના હાથે



ઝડપાઈ રહ્યા છે.

તાજેતરમાં ઈસરી પોલીસ ઈન્સ્પેકટર આર. એસ. તાવિયાડ અને તેમની ટીમ વિદેશી દારૂની હેરાફેરીની મળેલ બાતમીના આધારે કુણોલ ત્રણ રસ્તા પર નાકાબંધી કરી ઉભા હતા ત્યારે બે બાઈકો હીરો સ્પેલેન્ડર અને બજાજ ડિસ્કવર એમ બે બાઈકો પર અલગ અલગ થેલાઓમાં ભરી ભારતીય બનાવટની વિદેશી દારૂની છુટી બોટલો નંગ. ૪૮. વિદેશી દારૂ, બે મોટરસાયકલ, મોબાઈલ મળી કુલ રૂપિયા ૭૭,૮૦૦ /-ના મુદામાલ સાથે પકડાયેલા આરોપીઓમાં (૧) આચુશસિહ નિકુસિહ ઝાલા ઉં વ. ૧૯. રહે. દહેગામ તા. જી. ગાંધીનગર (૨) પ્રભાતસિહ હઠીસિહ રાઠોડ ઉં વ. ૨૫. રહે. કુણોલ તા. મેઘરજ (૩) પ્રવિણસિહ શેતાનસિહ રાઠોડ ઉં વ. ૨૩. રહે. કુણોલ તા. મેઘરજ એમ ત્રણેય આરોપીઓની ધરપકડ કરી જેલના સળિયા પાછળ ધકેલી પ્રોહી એક્ટ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.

# અંબાજીમાં અજગર દેખાતા અફડા તફડી

બનાસકાંઠાના યાત્રાધામ અંબાજીની આદ્યશક્તિ જનરલ હોસ્પિટલના કમ્પાઉન્ડમાં બુધવારની મોડી સાંજે અજગર દેખાયો હતો. અજગર દેખાતા લોકોમાં ડરનો માહોલ સર્જાયો હતો. ઘટનાને લઈ સ્થાનિકો લોકોના ટોળેટોળાં જોવા ઉમટી પડ્યા હતા. આ સાથે જનરલ હોસ્પિટલનો સ્ટાફ ભયભીત જોવા મળ્યો હતો. અંબાજી વિસ્તાર ડુંગરાળ પ્રદેશ હોવાથી ઘણીવાર આવા સરીરસૃપ અને જંગલી પ્રાણીઓ આવતાં હોય છે. હાલ વરસાદની સીઝન ચાલુ છે તેવામાં વન્ય જીવો પણ બહાર નીકળી આવતાં હોય છે. વનવિભાગને જાણ થાય તે પહેલા અજગર ઝાડીઓમા છુપાઇ ગયો હતો.

અંબાજીની આદ્યશક્તિ જનરલ હોસ્પિટલના કમ્પાઉન્ડમાં મોડી સાંજે અજગર દેખાતા સ્ટાફ પણ ડરી ગયો હતો. આ સાથે હોસ્પિટલના સ્ટાફે સાપ પકડવા વાળાનો સંપર્ક કરતાં સાપ પકડનાર આવે તે પહેલા અજગર બાજુની ઝાડીમાં સંતાઈ ગયો હતો. સાથે લાંબી શોધખોળ કર્યા બાદ પણ તેની કોઈ જાણ ન હતી. સાથે ગામના લોકો પણ અજગર બહાર આવી જશે એવો ડર પણ અનુભવી રહ્યા છે.